# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

**************************************************

1. **સંસદના શિયાળુ સત્રનો આરંભ , લોકસભામાં વિપક્ષોના હોબાળા બાદ કાર્યવાહી સ્થગિત.**
2. **રાજ્યસભામાં સભાપતિ અને ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનનું ઉષ્માભર્યું સ્વાગત.**
3. **સંસદના શિયાળુ સત્રમાં પ્રધાનમંત્રીએ દેશના વિકાસ માટે સકારાત્મક ચર્ચા કરવા તમામ પક્ષોને આહ્વાન કર્યું.**
4. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, ભારત વૈશ્વિક સ્તરે તેની આર્થિક ભૂમિકાનો વિસ્તાર કરી રહ્યું છે.**
5. **ઇન્ડોનેશિયામાં વિનાશક પૂર અને ભૂસ્ખલનમાં મૃત્યુઆંક 442 થયો.**
6. **હોકીમાં સુલતાન અઝલાન શાહ કપ 2025માં ભારતને રજત ચંદ્રક મળ્યો.**

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS RS PROCEEDINGS

સંસદનું શિયાળુ સત્ર આજથી શરૂ થયું છે. આ સત્રમાં 19 દિવસના સમયગાળામાં કુલ 15 બેઠકો યોજાશે. જોકે લોકસભા ના આરંભે જ વિરોધ પક્ષોના હોબાળાના પગલે ગૃહની કાર્યવાહી બે વાગ્યા સુધી સ્થગિત કરાઇ છે.

અગાઉ લોકસભા સવારે 11 વાગ્યે શરૂ થઈ ત્યારે , ગૃહમાં અભિનેતા ધર્મેન્દ્ર , કર્નલ (નિવૃત્ત) સોના રામ ચૌધરી , પ્રો. વિજય કુમાર મલ્હોત્રા અને રવિ નાઈકના અવસાન પર શ્રદ્ધાંજલિ આપી અને મૌન પાળ્યુ હતુ.

લોકસભામાં પ્રશ્નકાળ શરૂ કર્યો ત્યારે વિપક્ષના સભ્યોએ મતદાર યાદીના ખાસ સઘન સુધારા સહિત વિવિધ મુદ્દાઓ પર સૂત્રોચ્ચાર શરૂ કર્યા. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ વિરોધ કરી રહેલા સભ્યોના વર્તન પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવી યોગ્ય નથી.

## બાઇટ- OM-BIRLA--ADJOURNED-HOUSE-TILL-12-NOON

જોકે ગૃહ ફરીવાર મળ્યુ ત્યારે પણ હોબાળો યથાવત રહેતા કાર્યવાહી બે વાગ્યા સુધી સ્થગિત કરાઇ હતી..

રાજ્યસભા સવારે 11 વાગ્યે મળી ત્યારે , જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સના ગુરવિંદર સિંહ ઓબેરોય , ચૌધરી મોહમ્મદ રમઝાન અને સજ્જાદ અહેમદ કિચલૂએ ઉપલા ગૃહમાં સંસદ સભ્ય તરીકે શપથ લીધા.

આજે પહેલીવાર રાજ્યસભાનું અધ્યક્ષપદ સંભાળનારા અધ્યક્ષ સી .પી. રાધાકૃષ્ણનનું સ્વાગત કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે , શ્રી રાધાકૃષ્ણનનો સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી ઉપરાષ્ટ્રપતિપદ સુધીનો ઉદય દેશની લોકશાહીની સાચી તાકાત દર્શાવે છે.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી- VP WELCOME

આ અગાઉ રાજ્યસભાના ઉપસભાપતિ હંરિવંશરાયે શ્રી રાધાકૃષ્ણનનું સ્વાગત કર્યું.

## બાઇટ- હરિવંશરાય , ઉપ સભાપતિ

. . . . . . . . . . . . . . . . . . . . . .

## PM - PARLIAMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે શિયાળુ સત્ર ફક્ત એક વિધિ નથી, પરંતુ તે ભારતને વિકાસ તરફ લઈ જવાના પ્રયાસોને વેગ આપે છે. સંસદના શિયાળાના સત્રના આરંભ પહેલા મીડિયાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે , ભારતનો આર્થિક વિકાસ આજે નોંધપાત્ર ઊંચાઈએ પહોંચી રહ્યો છે.

તેમણે કહ્યું કે, આ ગતિ ભારતને વિકસિત રાષ્ટ્ર બનવાના માર્ગ પર આગળ વધવા માટે નવો આત્મવિશ્વાસ આપે છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે ભારતે સાબિત કર્યું છે કે લોકશાહી પ્રદાન કરી શકે છે.

પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્ર નિર્માણ માટે સકારાત્મક માનસિકતાની જરૂરિયાત પર ભાર મૂકીને દેશના વિકાસ માટેની ચર્ચામાં ભાગ લેવા તમામ પક્ષોને અપીલ કરી

(બાઇટ - નરેન્દ્ર મોદી) PM OPPOSITION

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, સભ્યોએ યુવાન સાંસદોને તકો આપવી જોઈએ.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ - FIDDI CONVOCATION EARLY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે જણાવ્યું કે , ભારત માત્ર આર્થિક સ્વતંત્રતાના માર્ગ પર જ નથી, પરંતુ વૈશ્વિક સ્તરે તેની આર્થિક ભૂમિકાનો વિસ્તાર પણ કરી રહ્યું છે. તેમણે નવી દિલ્હીમાં ફૂટવેર ડિઝાઇન એન્ડ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ( **FDDI)** ના દીક્ષાંત સમારોહને સંબોધિત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું.

રાષ્ટ્રપતિએ કહ્યું કે ફૂટવેર ઉદ્યોગ અર્થતંત્રના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે , નાણાકીય વર્ષ 2024-25 માં નિકાસ 2 હજાર 500 મિલિયન ડોલરથી વધુ થઈ ગઈ છે.

**(બાઈટ – રાષ્ટ્રપતિ)**

તેમણે આજે સ્નાતકોને અભિનંદન આપ્યા અને કહ્યું કે કુશળ યુવાનોની આગામી પેઢી વર્ષ 2047 માં વિકસિત ભારતનું સ્વપ્ન પૂર્ણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM EX-GRATIA TAMIL NADU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમિલનાડુના શિવગંગાની બસ દુર્ઘટનામાં થયેલા લોકોના મોત પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની આશા વ્યક્ત કરી છે.

પ્રધાનમંત્રીએ દરેક મૃતકના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી છે. જ્યારે ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયા આપવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NAGALAND

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નાગાલેન્ડના લોકોને રાજ્યના સ્થાપના દિવસ પર અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે રાજ્યની આદિવાસી વિવિધતા અનોખી વારસો અને ગૌરવનું પ્રતીક છે. તેમણે રાજ્યના લોકોને શાંતિપૂર્ણ , સમૃદ્ધ અને પ્રગતિશીલ ભવિષ્યની શુભેચ્છા પાઠવી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભવ્ય નાગા સંસ્કૃતિ પર પ્રકાશ પાડ્યો , તેને સેવા, હિંમત અને કરુણામાં મૂળ તરીકે વર્ણવી. તેમણે કહ્યું કે નાગાલેન્ડની સંસ્કૃતિ દેશભરમાં પ્રશંસા પામે છે. શ્રી મોદીએ કહ્યું કે નાગાલેન્ડના લોકોએ વિવિધ ક્ષેત્રોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે અને ભારતના વિકાસ અને સાંસ્કૃતિક સમૃદ્ધિમાં યોગદાન આપ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં નાગાલેન્ડમાં શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિની કામના કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDONESIA FLOODS

ઇન્ડોનેશિયામાં ચક્રવાત વાવાઝોડાના કારણે આવેલા વિનાશક પૂર અને ભૂસ્ખલનમાં જીવ ગુમાવનારાઓની સંખ્યા 442 સુધી પહોંચી છે. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળે જણાવ્યું , ઉત્તર સુમાત્રા , પશ્ચિમ સુમાત્રા અને આચે પ્રાન્તમાં 402 લોકો હજી પણ ગુમ છે. મોટા ભાગનો વિનાશ સુમાત્રા ટાપુમાં થયો છે.

મધ્ય તપનૌલી અને સિબોલ્ગામાં ટ્રાફિક ખોરવાયો છે. રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્તોએ આજે પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી અને પીડિતો સાથે મુલાકાત કરી. ગયા સપ્તાહે ઇન્ડોનેશિયામાં આવેલા ચક્રવાત વાવાઝોડા સેન્યારના કારણે વિનાશક ભારે ભૂસ્ખલન થયું. તેમાં હજારો લોકોના ઘર પાણીમાં વહી ગયા અને કેટલીક ઈમારત પાણીમાં ડૂબી ગઈ છે. ભારે વરસાદ અને વાવાઝોડાએ થાઈલૅન્ડ, મલેશિયા, ફિલીપાઈન્સ અને શ્રીલંકાના કેટલાક ભાગને વ્યાપક નુકસાન પહોંચાડ્યું છે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JAISHANKAR- BWC

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં "જૈવિક શસ્ત્રો સંમેલનના 50 વર્ષ: વૈશ્વિક દક્ષિણ માટે જૈવિક સુરક્ષાને મજબૂત બના વવા અંગેની પરિષદમાં હાજરી આપી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , તેમણે જણાવ્યું હતું કે સંમેલનને આધુનિક બનાવવા પર 80 થી વધુ દેશોના નિષ્ણાતો , વિદ્વાનો અને પ્રતિનિધિઓ સાથે ચર્ચાઓ થઈ હતી.

જૈવિક જોખમોના આંતરરાષ્ટ્રીય સ્વભાવ પર પ્રકાશ પાડતા , ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે કોઈપણ અસરકારક પ્રતિભાવ માટે આંતરરાષ્ટ્રીય સહયોગ કેન્દ્રિય હોવો જોઈએ, કારણ કે જોખમો ઝડપથી અને સરળતાથી સરહદો પાર કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MUSK-H-1B-INDIA

ટેસ્લાના **CEO** એલન મસ્કે **H-1B** વિઝા કાર્યક્રમનો બચાવ કરતા કહ્યું છે કે ભારતીય ઇમિગ્રન્ટ્સથી અમેરિકાના અર્થતંત્રને ઘણો ફાયદો થયો છે. તેમણે ઝેરોધાના સહ-સ્થાપક નિખિલ કામથ સાથેની વાતચીત દરમિયાન આ વાત કહી હતી.

શ્રી મસ્કે કહ્યું કે અમેરિકાને હવે પહેલા કરતાં વધુ ઉચ્ચ કૌશલ્ય ધરાવતા ભારતીય કામદારોની જરૂર છે. તેમણે કહ્યું , અમેરિકા ભારતની પ્રતિભાનો મોટો લાભાર્થી રહ્યો છે.તેમણે **H-1B**ની નબળાઈઓનો પણ સ્વીકાર કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૯૦ના ઇમિગ્રેશન એક્ટ દ્વારા બનાવાયેલ **H-1B** વિઝા કાર્યક્રમ , અમેરિકાના નોકરીદાતાઓને વિશેષ વ્યવસાયોમાં વિદેશી વ્યાવસાયિકોને નોકરી પર રાખવાની મંજૂરી આપે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HOCKEY- SULTAN AZLAN CUP

હોકીમાં, ભારતને મલેશિયાના ઇપોહમાં સુલતાન અઝલાન શાહ કપ **2025**માં બેલ્જિયમ સામે **1-0**થી હાર મળ્યા બાદ સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો. થિબ્યુ સ્ટોકબ્રોઇક્સે મેચમાં એકમાત્ર ગોલ કરીને વિશ્વના ત્રીજા ક્રમાંકિત બેલ્જિયમને તેમની પ્રથમ ટ્રોફી જીતવામાં મદદ કરી.

આ સૌથી પ્રતિષ્ઠિત હોકી ટુર્નામેન્ટમાંનો એકમાં તેમનો ફક્ત બીજો દેખાવ હતો. છ વર્ષના અંતરાલ પછી ટુર્નામેન્ટમાં પરત ફરતા ભારત માટે , આ સતત બીજી રનર્સ અપ હતી,

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA - WSAC 2025

ભારતે વર્લ્ડ સ્કિલ્સ એશિયા કોમ્પિટિશન 2025માં 29 દેશો સાથેની સ્પર્ધામાં 8મું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારતે પરંપરાગત અને ટેકનોલોજી-આધારિત કૌશલ્ય શ્રેણીઓમાં એક રજત , બે કાંસ્ય અને ઉત્કૃષ્ટતા માટે 3 ચંદ્રક જીત્યા છે.

કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્યમંત્રી જયંત ચૌધરીએ જણાવ્યું કે સ્પર્ધામાં ભારતનું પ્રદર્શન દેશની યુવા પ્રતિભાના આત્મવિશ્વાસ , સર્જનાત્મકતા અને શિસ્તને પ્રતિબિંબિત કરે છે. શ્રી ચૌધરીએ વિજેતાઓ અને સહભાગીઓને ભારતને ગૌરવ અપાવવા બદલ અભિનંદન આપ્યા હતા.

આ સ્પર્ધાની ત્રીજી આવૃત્તિમાં 44 કૌશલ્ય શ્રેણીઓમાં 500થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .